ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

રાજકીય ચક્રવ્યૂહમાં ફસાયેલા કેજરીવાલ

દિલ્હીની કેજરીવાલ સરકારને એક મહિનો થયો એની મિડિયા સહિત દેશભરમાં સતત નોંધ લેવાતી રહી છે. દિલ્હીની પ્રજામાં આમ આદમી પાર્ટી અને એના કર્ણધાર અરવિંદ કેજરીવાલે એટલી ઊંચી અપેક્ષાઓ ઊભી કરી હતી કે જેવી એમની સરકારે સત્તા સંભાળી એવી એમની ઉઘરાણી ચાલુ થઈ ગઈ. ગણતરીના જ કલાકોમાં પાણી અને વીજળી જેવા મુદ્દાઓ પરત્વે ત્વરિત નિર્ણયો કરીને શરૂ શરૂમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે મેળવેલી વાહવાહી એમના મહત્ત્વાકાંક્ષી સાથી વિનોદ કુમાર બિન્નીના બળવાને કારણે ટીકા-ટિપ્પણીમાં ફેરવાઈ ગઈ. જનલોકપાલ બિલ એવી વસ્તુ તો છે નહીં, જે ગણતરીના કલાકોમાં લાવી શકાય. એ જ રીતે અગાઉની સરકારે હજારોની સંખ્યામાં ફિક્સ પગાર પર રાખેલા શિક્ષકો કે બસ ચાલકોને કાયમી કરવા માટે સરકારે પદ્ધતિસરની કાર્યવાહી કરવી પડે. એમ કંઈ કેજરીવાલના મૌખિક આદેશથી હંગામી કર્મચારીઓની નોકરી કાયમી થોડી થઈ શકે? મૂળે આ બિનઅનુભવી આંદોલનકર્તાઓએ ઉત્સાહમાં ને ઉત્સાહમાં પાળી ન શકાય અથવા પાળવામાં મુશ્કેલ પડે એવાં વચનોની લહાણી કરી દઈને વહોરી લીધેલી મુસીબત છે. કોંગ્રેસના પંદર વર્ષના શાસન દિલ્હીની શિકલ બદલાઈ ગઈ હતી. વિકાસના રોલ મોડલ તરીકે કોંગ્રેસની નેતાગીરી શીલા દીક્ષિતનું ગર્વભેર નામ લેતી રહેતી હતી. ભ્રષ્ટાચાર અને મોંઘવારી ઉપરાંત પાણી અને વીજળી જેવા પ્રશ્નોનો તોપમારો ચલાવીને કેજરીવાલે શીલા દીક્ષિતને વિક્રમજનક માર્જિનથી હરાવી દીધાં હતાં. બીજી તરફ મુખ્ય વિરોધ પક્ષ ભાજપને પણ સત્તા મેળવવા માટેના જરૂરી આંકડા સુધી પહોંચતો અટકાવીને આમ આદમી પાર્ટી કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવી શકી હતી. સામાન્ય શિરસ્તો મુજબ સમર્થન આપનાર પક્ષ પ્રત્યે ઉપકારવશ રહેવાનું વલણ જ હોય, પરંતુ 'આપ' તો એવો રાજકીય વિવેક કે ગઠબંધન ધર્મ શીખ્યું જ ક્યાં હતું? સરકાર બનાવ્યા પછી પણ પોતે કોંગ્રેસની સામે બાકરી બાંધતા રહ્યા, તે ત્યાં સુધી કે છેલ્લે તો દિલ્હીની પોલીસ વિરુદ્ધ સીધા સંઘર્ષમાં ઊતરી પડયા. ગૃહમંત્રીએ એમને ગાંડા મુખ્યમંત્રી કહીને નવાજ્યા. પોતે જ સ્વચ્છ અને બાકીના બધા જ ભ્રષ્ટ-એવી ગુરુતા ગ્રંથિને કારણે કેજરીવાલ રાજકીય વર્તુળોમાં જ નહીં, દેશની પ્રજામાં પણ વજૂદ ગુમાવતા રહ્યા છે. પ્રજા તો રાજા રામની પણ નથી થઈ, તે અરવિંદ કેજરીવાલની થોડી થવાની છે? કોંગ્રેસે ભાજપનો વિજયરથ દિલ્હીમાં જ અટકાવી દેવા માટે ગણતરીપૂર્વક ટેકો આપ્યો અને માથાનો દુખાવો વ્હોરી લીધો. સામે પક્ષે ચૂંટાયા પછી બીજે જ દિવસે ભ્રષ્ટાચારીઓ (અર્થાત્ કોંગ્રેસ સરકાર-શીલા દીક્ષિત સહિતના નેતાઓ)ને જેલ ભેગા કરવાના બૂમબરાડા હવે કેજરીવાલ સરકાર સામે બૂમરેંગ થઈ રહ્યા છે. કેજરીવાલના મંત્રીઓની પ્રો-એક્ટિવ રીતભાતને કારણે નવી, અણધારી આફતો સરજાઈ છે. કાયદામંત્રી સોમનાથ ભારતી કેજરીવાલ સરકાર માટે ગળાની ફાંસ બની ચૂક્યા છે. ઢળતી રાતે એમણે આફ્રિકન મહિલાઓના નિવાસ પર કરાવેલ કહેવાતા હુમલાને કોંગ્રેસ અને ભાજપ બેઉએ વખોડ્યો છે. મહિલા આયોગ દ્વારા સોમનાથ ભારતી પર બબ્બે વાર સમન બજાવાયા છતાં એમણે હાજર થવાનો વિવેક દાખવેલ નથી. એથી પ્રશ્ન છેક રાષ્ટ્રપતિ સુધી પહોંચ્યો છે. પોતે મોટાં મકાનો કે લાલ લાઈટવાળી ગાડીઓ નહીં સ્વીકારે અને દિલ્હીના પ્રશ્નો આવતાંવેંત ઉકેલી નાખશે એવી અપેક્ષાઓ જગાડેલ હોઈ ભાજપને એમની વિરુદ્ધ પ્રજાના વિવિધ વર્ગોને ઉશ્કેરવા માટેનું મોકળું મેદાન મળી ગયું છે. હર્ષવર્ધન એક પછી એક મુદ્દા રજૂ કરતા રહે છે, બિન્ની એ જ મુદ્દાઓ ઉઠાવી બળવો પોકારે છે અને કેજરીવાલ સરકાર સામે આંદોલન ઊભું કરી પ્રજામાં 'આપ' સરકારની આબરૂના ધજાગરા ઉડાડી રહ્યા છે. બિન્ની જો કે બીજા ધારાસભ્યોનો ટેકો નથી મેળવી શકયો અને એમણે કરવા ધારેલા ઉપવાસનો ત્રણ જ કલાકમાં કરુણ રકાસ થયો છે. પરંતુ કેજરીવાલની સામે સોમનાથ ભારતી ઉપરાંત શિક્ષકોની ભૂખ હડતાલનો પ્રશ્ન પણ ઘણો મોટો છે. ૧૯૮૪ના શીખોના નરસંહાર માટે એમણે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિંગ ટીમ (એસઆઈટી) બનાવી તપાસ કરાવવાની વાત છેડીને દેખીતી રીતે જ નારાજ કોંગ્રેસને વધુ નારાજ કરી મૂકી છે. એમણે રાહુલને મૂર્ખ અને મોદીને હત્યારા ગણાવતા ટિવટને રિટિવટ કરીને નવી મુસીબત વહોરી લીધી છે. સારી દાનત ધરાવતા આમ આદમીની રાજકારણમાં પડ્યા પછી કેવી દુર્દશા થતી હોય છે એનું ઝળહળતું ઉદાહરણ બની ગયા છે અરવિંદ કેજરીવાલ. એમની સાથે અન્ય ચાર રાજ્યોની સરકારો પણ રચાઈ હતી. પરંતુ ત્યાંના મુખ્યમંત્રીઓ સામે કોઈ ધરણાં પર નથી બેઠું કે નથી એમને હટાવવાની કોઈ ઝુંબેશ ચાલુ થઈ ગઈ. કેજરીવાલ આમ આદમી છે, એમને જો લોકોની સેવા માટે પણ રાજકારણમાં રહેવું હશે તો થોડું રાજકારણ શીખવું પડશે. લોકપ્રિયતાનાં શિખર સર કરી દીધા પછી કેજરીવાલને દિલ્હીમાં જ અટવાયેલા રાખવામાં ભાજપને સૌથી વધારે રસ હોય તે સ્વાભાવિક છે. બીજી તરફ કોંગ્રેસે કેજરીવાલને ટેકો આપ્યો હતો તે આવી શિરોવેદના માટે નહીં જ, તે પણ એમણે સમજી લેવું જોઈએ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગૌરવ સમા માસ્ટર માનવેન્દ્ર મહેતાની ગુજરાત રાજ્ય ક્રિકેટ ટીમમાં પસંદગી

પ્રતિવર્ષ જાણીતા ટેસ્ટ ક્રિકેટર શ્રી સી. કે. નાયડુની સ્મૃતિમાં અંડર-૧૯ ક્રિકેટ સ્પર્ધા રાષ્ટ્રીય કક્ષાએ જુદા જુદા રાજ્યોની વચ્ચે રમાય છે.

આ વર્ષે સતત પાંચમી વાર અમારી શાળાના ધો. ૧૧ (સાયન્સ)ના વિદ્યાર્થી માસ્ટર માનવેન્દ્ર સંજીવ મહેતા ઓલરાઉન્ડર તરીકે પસંદ પામ્યો છે ત્યારે આવકાર અને હર્ષની લાગણી શાળા, સંસ્થા પરિવાર અને સમગ્ર જીલ્લામાં ફેલાઈ છે.

આ વિજયોન્માદ સાથે જ માસ્ટર માનવેન્દ્ર સંજીવ મહેતા ઈન્દોર (મધ્યપ્રદેશ) ખાતે ગુજરાત રાજ્યની ટીમ વતી ક્રિકેટ રમવા રવાના થયા છે. ગુજરાતની ટીમ પ્રથમ રાઉન્ડમાં છત્તીસગઢ અને આસામ સાથે રમશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અંડર-૧૯ ક્રિકેટ ટીમમાં પસંદગી પામનાર અન્ય નામો માં માનવેન્દ્ર મહેતા (ગાંધીનગર), પ્રશાંત ચાવડા (ભાવનગર), જયરાજસિંહ ચુડાસમા (પોરબંદર), હર્ષિલ મનવાની (રાજકોટ), સમીર વાઘેલા (રાજકોટ), યશ ઠક્કર (બ.કાંઠા), કૌશલ પ્રજાપતિ (બ.કાંઠા), કૌશલ પટેલ (મહેસાણા), હર્ષજીતસિંહ (જામનગર), પાર્થ પરમાર (ગાંધીનગર), વિશાલ મકવાણા (ભાવનગર), મિલન જોબનપુત્રા (પોરબંદર), સુદ્રસિંહ ઝાલા (વડોદરા), કરણ રાવલ (ભાવનગર), બિલ્લા આહુજા (ભાવનગર) પસંદગી કરવામાં આવેલ છે.

સર્વવિદ્યાલય કેળવણી મંડળના એમ.બી. પટેલ, અંગ્રેજી માધ્યમ શાળાના આચાર્ય શ્રી અર્પિત ક્રિશ્ચિયન અને સંસ્થા પરિવારે માસ્ટર માનવેન્દ્રને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે. કોચ તરીકે માર્ગદર્શન આપતા મહિપાલ જેઠાવ (રાજકોટ), સંદીપ પંડ્યા (ભાવનગર) તથા કૌશલ્ય ગોહિલ (પોરબંદર) પણ માનવેન્દ્રના કાર્યને બિરદાવ્યું છે.

સમર્પણ આર્ટસ કોલેજમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો : વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

છત્રાલની પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કરાયું

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં સેક્ટર-૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજમાં ૬૫મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં આવેલ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજમાં પ્રો. પ્રેમલભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. કિશોરસિંહ સોલંકી અને આચાર્ય ડૉ. રૂચાબેન બ્રહ્મભટ્ટ મંચ પર હાજર રહ્યા હતા.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓએ દેશભક્તિગીત ગાન સ્પર્ધા, દેશભક્તિ ગીત પર નૃત્ય સ્પર્ધા તેમજ દેશના સળગતા પ્રશ્નો પર વક્તૃત્વ સ્પર્ધા અને રમતોત્સવ યોજવામાં આવ્યો હતો.

વિવિધ સ્પર્ધામાં કોલેજના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે કોલેજ પરિવારે દેશના રાષ્ટ્રપિતા ગાંધીજીને યાદ કરી સમુહ ધૂન ગાન કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રો. સુરેશભાઈ વાઘેલા, પ્રો. જે.જી. ચૌહાણ, પ્રો. લલીતાબેન સોલંકી, પ્રો. એન.એન. પટેલ, પ્રો. વૈભવ કોઠારી અને પ્રો. દિપક પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

તેમજ કલોલ તાલુકાના છત્રાલની શેઠ કસ્તુરભાઈ જુઠાભાઈ પગાર કેન્દ્ર શાળામાં ગામના અગ્રણી રતીભાઈ શ્રીમાળીના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રભાષા કોલેજમાં 'જલનેતિ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય કોલેજના એન.એન.એસ. વિભાગ દ્વારા 'જલનેતિ' કાર્યક્રમ યોજાયો હતો.

આજનું યુવાધન પાશ્ચાત સંસ્કૃતિને અનુસરતા થયા છે અને આપણી અમુલ્ય ભારતીય સંસ્કૃતિને ભુલી રહ્યા છે ત્યારે રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય કોલેજના વિદ્યાર્થીઓ આપણી સંસ્કૃતિને ઉજાગર કરે તે માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામથી થતા શારીરિક કાયદાઓ જણાવવામાં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓને નવીજ કસરત જલનેતિ બતાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને જલનેતિનો પ્રયોગ બતાવી તેનાથી થતા ફાયદા જણાવવામાં આવ્યા હતા.

જેમાં ડૉ. ભગીરથ ભટ્ટે જણાવ્યું હતુ કે જલનેતિથી માથાનો દુઃખાવો, શરદી, આંખના નંબર પણ ઘટી જાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ટેકનોલોજીના યુગમાં યોગ, પ્રાણાયામ તરફ વળવુ અત્યંત જરૂરી છે. નહિ તો માનસિક રોગોનો ભોગ બનવાની શક્યતા ખુબજ રહેલી છે.

જીમખાના ખાતે નિઃશુલ્ક બોડી કમ્પોઝીશન કેમ્પ

સેકટર-૨૧ સ્થિત સચિવાલય જીમખાના ખાતે જીમખાનાના સભ્યો માટે ફ્રી ફીઝીયોથેરાપી અને બોડી કમ્પોઝીશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં નિષ્ણાત સ્પોર્ટસ ફીઝીયોથેરાપી દ્વારા નિદાન કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પ તા. ૧૫ ફેબ્રુઆરી સુધી સોમવાર સિવાય સાંજે ૬ થી ૯ સમય દરમિયાન લાભ લઈ શકાશે. વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨૬૦૦૫૯ પર સંપર્ક કરવા એચ.ડી. સેઈલરે જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

અમારી દાદી કહેતા હતા, પહેલાના જમાનામાં તો કળશ, નાળીયેર, ફુલ એવી સામગ્રી લઇને જ યાત્રા કરાય.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

પી.કે. ચૌધરી મહિલા કોલેજખાતે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

૬૫માં પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરમાં સે-૭ ખાતે આવેલી ચૌધરી મહિલા કોલેજ ખાતે ધ્વજવંદન નિમિત્તે ડાન્સ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને દેશભકિત ગીતની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વકતૃત્વ સ્પર્ધામાં દેશ સામેના પડકારો વિષય પર વૃશાલી ચૌધરીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. 'ઓ રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' ગીત સ્પર્ધામાં નીતા ચૌધરી, આશા રાઠોડ અને રાજવંતી બામણીયાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

રાજ્યની શાસ્ત્રીય નૃત્યકારોનો 'કલકે કલાકાર' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા કલકે કલાકાર કાર્યક્રમ તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરીના રોજ યોજાશે.

સંગીત નાટક અકાદમી દ્વારા યોજાનાર કલકે કલાકાર કાર્યક્રમમાં રાજ્યભરના ચુનંદા શાસ્ત્રીય નૃત્યકારો ઉપસ્થિત રહેશે. રવિશંકર રાવલ કલાભવન અમદાવાદ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવશે.

કાર્યક્રમમાં તા. ૩૦ ના રોજ જામનગરના ઈશા જોષી, અમદાવાદના હેતલ રાવત, દીશા મહેતા અને હર્ષિલી શાહ પોતાનું કૌવત બતાવશે તેમજ તા. ૩૧ના રોજ ભાવનગરના ત્રિશા ત્રિવેદી, અંકીતા હરીનબાબુ અને અમદાવાદના ક્રિમલ પટેલ અને હિમા દરજી શાસ્ત્રીય નૃત્ય રજુ કરશે. રાજ્યની નૃત્યકારોના આ નૃત્ય મહોત્સવમાં જાહેર જનતાને ઉપસ્થિત રહેવા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જી.એચ. ખાને જણાવ્યું છે.

લલિતકલા ગૌરવ પુરસ્કાર આપવા ભલામણો મેળવવા જોગ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગ દ્વારા રાજયના ચિત્રકલા, શિલ્પકલા અને છબીકલા ક્ષેત્રે વિશિષ્ઠ અને ગણના પાત્ર -દાન કરનાર ગુજરાત રાજયમાં સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આ ગૌરવ પુરસ્કારમાં રૂપિયા ૫૧ હજાર રોકડા પુરસ્કાર તથા તામ્રપત્ર આપવામાં આવે છે. પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા કલાકારોની પસંદગી કરી શકાય તે હેતુથી સન્માનપત્ર, નામાંકિત અને સર્વમાન્ય કલાકારોની ભલામણ કચેરી દ્વારા આવકાર્ય છે. કલાકારોની ભલામણ અગાઉ લલિતકલા અકાદમીના ગૌરવ પુરસ્કૃત કલાકારો, લલિતકલા અકાદમીના ભુતપૂર્વ સભ્યશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, યુનિવર્સીટીના કુલપતિશ્રીઓ કરી શકશે. આ પુરસ્કાર માટે કલાકાર જાતે અરજી કરી શકશે.

અરજીમાં કલાકારનું નામ, સરનામું, જન્મ તારીખ, ઉંમર, ટેલીફોન - મોબાઈલ નંબર, કલાનું ક્ષેત્ર, કલા ક્ષેત્રમાં કરેલ મુખ્ય -દાનની વિગત, આ -દાનને સમર્થન આપતી કલાકારની યોગ્ય જણાતી હોય તેવી જીવન અને કવનની વિગતો સાદા કોરા કાગળ ઉપર આપવાની રહેશે. રજીસ્ટર પોસ્ટ એ.ડી થી અથવા હાથો હાથ ૧૦મી ફેબ્રુઆરી, ૧૪ સુધીમાં સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, રવિશંકર રાવળ કલાભવન, લૉ ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ - ૦૬ને મોકલી આપવાની રહેશે.

ચાઈલ્ડ લાઈન સ્કૂલનો સ્થાપના દિવસ, ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ચાઈલ્ડ લાઈન, અમદાવાદ અને એ.આર. પટેલ હાઈસ્કૂલ, અમિધારા આશ્રમ શાળા, મુ. રાજપુર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પૂર્ણિમાબેન ગુપ્તા, આસિ. ડાયરેક્ટર, ચાઈલ્ડ લાઈન, અમદાવાદના પ્રમુખ સ્થાનના વરદહસ્તે ધ્વજવંદનના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચાઈલ્ડ લાઈન, અમદાવાદના ૧૪માં વર્ષના સ્થાપના દિનની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી. બાળકોએ સરદાર વલ્લભભાઈ પટેલ વિશે વ્યકતવ્ય આપેલ, બાળકો શાળાએ શોભે, વ્યસન મુક્તિની સમજણ, રાસ-ગરબા, નાટકો, વંદેમાતમ્, ડીગુ-ડાન્સ વગેરે પાત્રો ભજવી ભવ્ય ઉજવણી કરવામાં આવેલ ત્યાર બાદ પસંદગી પામેલ બાળકોને ચાઈલ્ડ લાઈન તેમજ સંસ્થાના પ્રમુખશ્રીએ ઈનામ વિતરણ કરવામાં આવેલ સંસ્થાના પ્રમુખશ્રી હરિપ્રસાદ એ. પટેલે સંસ્થાની રૂપરેખા આપેલ અને શ્રી એસ.પી. ઝાલા ઈ.ચા. આચાર્યશ્રીએ આભારવિધિ કરી હતી.

મધુર વાણી અને રીતભાત દ્વારા જે સૌંદર્ય પ્રગટ થાય છે તે અન્ય કોઈ રીતે પ્રગટ થઈ શકતું નથી

In the factory we make cosmetics, in the shop we sell hope.

- Charles Ravson
(American businessman)

(આપણે કારખાનામાં સૌંદર્યપ્રસાધનો બનાવીએ છીએ અને પછી દુકાનમાં (તેના દ્વારા) આશા વેચીએ છીએ.)

આદિકાળથી સ્ત્રીનું સૌંદર્ય કોઈને કોઈ રીતે કેન્દ્રમાં રહ્યું છે. વિશ્વનાં ઉત્તમ સાહિત્ય અને કલાકૃતિઓમાં પણ સર્જનની મુખ્ય ધારા રૂપે સ્ત્રીનું સૌંદર્ય રહ્યું. સ્ત્રીની સુંદરતાના કારણે બનેલી ઘટનાઓથી ઈતિહાસ રચાયો અને યુદ્ધો પણ લડાયાં. ઈતિહાસકાર હિરોડોટસે લખ્યું છે કે ક્લિઓપેટ્રાનું નાક સહેજ જ ટૂંકું હોત તો ગ્રીસનો ઇતિહાસ અલગ હોત.

યૌવનમાં પ્રવેશતાં જ છોકરી પોતાના બ્રાહ્ય દેખાવને લઈને સભાન બની જતી હોય છે. આ સભાનતા સહજ છે. પ્રકૃતિનો નિયમ છે કે ફૂલ ખીલેલું હોય તો જ ભ્રમર એની તરફ ખેંચાય અને નવસર્જન ચાલતું રહે. સમય જતાં સર્જનનો હેતુ પૂર્ણ થયા પછી ફૂલ કરમાઈને ખરી પડતું હોય છે.

ફૂલને પોતાનું સૌંદર્ય ટકાવી રાખવાની ઘેલછા નથી હોતી પણ મનુષ્યમાં- ખાસ કરીને સ્ત્રીમાં યુવાન અને સુંદર બની રહેવાનો મોહ ઉંમર ઢળી જાય પછી પણ છૂટતો નથી. સૌંદર્યપ્રસાધનોનો મોટો ઉદ્યોગ આજે ચાલી રહ્યો છે. પણ આનું શું પરિણામ આવ્યું? સૌંદર્ય પ્રસાધનો

અક્ષયપાત્ર

સૌંદર્ય : બાહ્ય અને આંતરિક

- બકુલ દવે

કુરૂપતાને ઢાંકતા થીંગડાં જેવાં વધુ લાગે છે. થીંગડાંથી વસ્ત્ર ફાટેલું નથી- જીર્ણ નથી એવું આશ્વાસન મળે છે એટલું જ. થીંગડાં અછાનાં રહેતાં નથી.

કેટલીકવાર એવું પ્રબળ રીતે અનુભવાય છે કે કેટલીક સ્ત્રીઓ- જે મૂળભૂત રીતે સુંદર છે તે- સૌંદર્યપ્રસાધોનો ઉપયોગ ન કરે ત્યારે વધુ સુંદર જણાય છે. વાસ્તવમાં, યુવાન સ્ત્રીનું સહજપણે સુદર્શન બની રહેવું અને પ્રૌઢ સ્ત્રીનું ગરિમાયુક્ત હોવું તેમાં સુંદરતાની પરિભાષા સમાઈ જાય છે. મધુર વાણી અને રીતભાત દ્વારા જે સૌંદર્ય પ્રગટ થાય છે તે અન્ય કોઈ રીતે પ્રગટ થઈ શકતું નથી. હવે તો શેરીએ- શેરીએ બ્યુપાર્લર્સ અસ્તિત્વમાં આવ્યાં છે. જગ્યા ન મળી તો પોતાનાં ઘરમાં બ્યુટીપાર્લરના નામે રૂપાળા બનાવવાની હાટડીઓ શરૂ કરી દીધી છે. ઘણીવાર બ્યુટિશિયનને જોઈ એવું લાગે કે આનામાં જે નથી તે ચીજ એ બીજાને કેવી રીતે આપશે?

કરમાઈ જતા ફૂલને પાણી છાંટી ખીલેલું રાખી શકાય નહીં. પુષ્પને ખીલેલું રાખે છે એનો પ્રકૃતિ સાથેનો અનુબંધ. મનુષ્યને પણ આ લાગુ પડે છે. પ્રકૃતિ સાથેનું જોડાણ મન અને તનને સુંદર રાખે છે. મન-હૃદયથી સુંદર હોય છે તેનું આરોગ્ય જળવાઈ રહે છે ને સાચા અર્થમાં એ સૌંદર્યવાન રહી શકે છે. માત્ર શરીર અને શરીરથી જ સુંદર દેખાવા માટે આપણે જેટલાં સભાન છીએ એટલી સભાનતા આપણને અંદરથી સુંદર રહેવા માટે કેમ નથી? ખરેખર તો હૃદય અને મનને સૌંદર્ય બક્ષે તેવાં બ્યુટીપાર્લર હોવાં જોઈએ. સંતોના આશ્રમો આવાં જ બ્યુટીપાર્લર છે.

પણ રૂપાળા થવાની હોચવોચમાં આ ચિંતનને ઢાંસિયામાં ધકેલી દેવાયું છે. માણસ થોડી ક્ષણો માટે પણ અંતર્મુખ ન થઈ શકે એવી સ્થિતિ નિર્માણ થઈ છે. ઘણુંખરું સૌ બહાર જ જુએ છે. સૌને વૃક્ષ દેખાય છે પણ વૃક્ષત્વ નહીં. નદીમાં સૌ નહાય છે. પણ એની પાવનતાનો સ્પર્શ ભાગ્યે જ કોઈને થાય છે. આકાશનું રૂપ એની અખિલાઈ છે. માણસ આકાશને જુએ છે પણ અખિલાઈને નહીં. પશુ ફક્ત જુએ છે. તે મનન કરતું નથી. પશ્યતિ ઈતિ પશુ : માણસ જોઈ શકે છે ને પછી મનન કરી શકે છે તે માટે તે માણસ છે. મન્યતે ઈતિ મનુ! પણ માણસ કેટલા?

ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસીનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૯

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી કોલેજમાં બી.ફાર્મ અને એમ.ફાર્મના અભ્યાસક્રમો ચાલે છે. તાજેતરમાં ચાંદખેડા, અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિ.ના પદવીદાન સમારોહમાં ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસીનાં એમ.ફાર્મમાં અભ્યાસ કરતા બે તેજસ્વી વિદ્યાર્થીઓ, કુ. મિતાલી પટેલ અને શ્રી સ્વપનીલ દોશીને અનુક્રમે ફાર્માસ્યુટીકલ ટેકનોલોજી અને ફાર્માસ્યુટીકલ એનાલીસીસ વિદ્યાશાખામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવવા બદલ ગર્વનર શ્રીમતિ કમલા બેનીવાલનાં હસ્તે સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે યુનિ.ના કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલ, એ.આઈ.સી.ટી.નાં ચેરમેન ડૉ. એસ.એસ. મન્થા તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

મીતાલી પટેલે અગાઉ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી. ફાર્મની પરીક્ષામાં પણ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. આમ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સુવર્ણ ચંદ્રક મેળવી મીતાલીએ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.